<u>ફોજદારી કેસ નં.   53299/2020_ના કામમાં આંક–૧ લગત હુકમ :–</u>

આજરોજ ફાઈલ હાથ પર લીધી. પોકાર કરાવતાં આરોપી  હાજર નથી. ફરિયાદી તરફથી કોઈ મુદત અરજી રજુ નથી. રેકર્ડ જોતાં  ફરિયાદી એ આરોપી વિરૂધ્ધ –ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે અને રેકર્ડ રોજકામ જોતાં હાલના કામે આરોપીને સમન્સની લાં બા સમયથી બજવણી થયેલી નથી. રેકર્ડ જોતા ફલિત થાય છે કે,ફરીયાદી તરફે આરોપીને ભાગેડુ જાહેર કરવાની અરજી આપેલ હતી, જેમા  અગ્રણી વર્તમાનપત્રમા આરોપીની જાહેર નોટીસ  પ્રસિધ્ધ કરી આગામી મુદતે આ અદાલતમા રજુ કરવા હુકમ કરેલ હતો. આજ દીન  સુધી ફરીયાદી તરફે આરોપીની જાહેર નોટીસ  પ્રસિધ્ધ કરી  આ કોર્ટમા રજુ કરેલ નથી કેસ આશરે પાંચ વર્ષ કરતા વધુ સમયથી આરોપીને પ્રોસેસ બજવવાના તબકકે પેન્ડીગ હોય હાલનાં કામે ફરીયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.ફરીયાદીને  જાહેર નોટીસની  બજવવાની તક મળેલ હતી તેમ છતા ફરીયાદી તરફે આરોપીને  હાજર રખાવવાની કોઈ દરકાર લીધેલ નથી. આમ, કેસનું રેકર્ડ  જોતા,ફરિયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીને  પ્રોસેસ બજવણી  કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // <u>હુકમ</u> //–**

હાલનાં કામે ફરિયાદીની બેદરકારીના કારણે   આરોપીને નિર્દોષ ઠરાવી ફરિયાદીનો કેસ ડિસમીસ ફોર ડિફોલ્ટથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખ : ૨૯ /૧૧ /૨૦૨૫

( હિતેશ તનસુખરાય ધોળકીયા )
૩૭માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૯, અમદાવાદ.
યુનિક કોર્ડ નં.જીજે૦૧૨૪૩